ગુજરાત સમાચાર, અમદાવાદ

પાના નંબર :- ૦૫

તારીખ :- ૨૭ | ૦૯ | ૨૦૨૬

# મેટ્રોના મુસાફરો માટે ફીડર બસ સેવા શરૂ કરાઈ

અમદાવાદ, રવિવાર

મેટ્રો મુસાફરોને કનેક્ટિવિટી પૂરી પાડવાના હેતુથી નવા ફીડર બસ રૂટ-૮ સર્ક્યુલર અને ફીડર રૂટ-૯ એન્ટિ સર્ક્યુલર શરૂ કરાયા છે. નવા ફીડર રૂટ દ્વારા એપરલ પાર્ક મેટ્રો સ્ટેશન-ન્યૂ કોટન એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન (ન્યૂ કોટન મિલ)થી શરૂ થઈ ફરી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન સુધી પહોંચશે. આ રૂટની કુલ લંબાઈ ૯.૯૫ કિલોમીટર છે.

મુસાફરોની સુવિધા માટે કુલ ૨ બસ, જેમાં ૧ સર્ક્યુલર અને ૧ એન્ટી સર્ક્યુલર બસનો સમાવેશ થાય છે. બસ સેવા દર ૪૦થી ૪૫ મિનિટની ફ્રિક્વન્સી સાથે ઉપલબ્ધ રહેશે. પુખ્ત વયના મુસાફર માટે રૂ. ૫ અને બાળક માટે રૂ. ૩નું ભાડું રહેશે.